## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




દોહવા બેઠી ત્યારે .... ગાય કહેતી હતી ... તમારું અનામતનું તો ઠેકાણે પાડો... પછી અમારી રક્ષાની વાત કરો...!!

## ખેડુત રેલીની સાથે સાથે

- ગાંધીનગર શહેરમાં ખેડુત રેલીને પગલે સવારથી જ અનેરો માહોલ સર્જાયો હતો.
- ખેડુત રેલીમાં પાંચ જિલ્લાના ખેડુતોનું ધીમે ધીમે આગમન સવારે ૯ કલાકથી જ શરુ થઈ ગયુ હતું.
- રેલીમાં મોટીસંખ્યામાં ખેડુતો આવતા તંત્ર દ્વારા નિયત કરેલા પાર્કિંગના સ્થળો પર વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો.
- વિવિધ જિલ્લામાંથી ખેડુતોને લોડીંગ વાહનોમાં લોકોને ભાજપના ખેસ નાખીને રેલીના સ્થળે લવાયા, જેનું ધ્યાન સુધ્ધા પણ પોલીસને પડ્યુ નહોતુ અગર પડ્યુ હતુ તો કોઈ કાર્યવાહી ન કરીને આંખ આડા કાન કર્યા હતા.
- ગાંધીનગરમાં આયોજીત ખેડુત રેલીમાં પુરુષ ખેડુત કરતા મહિલા ખેડુતોની સંખ્યા વિશેષ જોવા મળી હતી.
- ખેડુત સભા મંડપમાં અંદર કોઈ કાળા વાવટા કે અન્ય કોઈ સંદિગ્ધ ચીજ વસ્તુ લઈને ન પ્રવેશે તે માટે પાંચ સ્થળો પર પોલીસ દ્વારા સઘન ચેંકીગ હાથ ધરાયું હતું.
- મંડપમાં તમામ ખેડુતોનું ભારતીય સંસ્કૃતી મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું.



- રાજયના મુખ્યમંત્રી અને ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સભા મંડપમાં ના પહોંચે ત્યાં સુધી ખેડુતોના મનોરંજન માટે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- રામકથા મેદાન ખાતે સભા મંડપ ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ભાજપના ગુજરાતના અધ્યક્ષ વિજયભાઈ રુપાણી સવારે ૧૧ કલાકે આવી પહોંચ્યા હતા.
- મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના વાલમ ગામના ખેડુતના સુશોભિત બળદગાડામાં મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સવાર થઈને સભા મંડપમાં પહોંચ્યા હતા.
- ખેડુત આગેવાનોએ શાકભાજીના હારથી તેમજ પુષ્પગુંચ્છથી ગાંધીનગર ભાજપના નવનિયુકત પ્રમુખ અને હોદેદારોએ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યુ હતું.
- ભાજપના કાર્યકરોએ સુશોભિત બળદગાડા પાસે જઈને યુવાનો સેલ્ફી લેતા નજરે પડ્યા હતા.
- ખેડુતો માટે સભા મંડપની બાજુમાં ૪ થી વધુ સ્થળો પર ઠંડા મીનરલ પાણીની તેમજ મોબાઈલ ટોઈલેટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સભા મંડપમાં ભીડ થઈ જતા ગરમીને કારણે ખેડુતો ઝાડ નીચે




બેસી રહ્યા હતા.

- શહેરમાં ૨૦,૦૦૦ થી વધુ ખેડુતો આવતા મેળાના માહોલ જેવું દ્રશ્ય સર્જાયું હતું.
- મુખ્યમંત્રીના આગમન સમયે ભાજપ યુવા મોરચાના કાર્યકરો ટાઉનહોલથી રેલી સ્વરુપે સાફાથી સજજ બાઈક પર આવી પહોંચ્યા હતા.
- મુખ્યમંત્રીનો કાફલો અને યુવા મોરચાના કાર્યકરોની બાઈક રેલી બંન્ને એકસાથે આવી પહોંચતા થોડો સમય અવ્યવસ્થા સર્જાતા ગાંધીનગર એસપી પણ દોડી આવ્યા હતા અને રેલી ડાયવર્ટ કરાવી મુખ્યમંત્રીના કાફલાને સભા મંડપ તરફનો રસ્તો કલીયર કરાવી દીધો હતો.
- રેલીને પગલે ગાંધીનગર એસપી દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સવારથી જ પોલીસ જવાનો ખડેપગે હાજર રહ્યા હતા.
- સભા મંડપમાં મુકવામાં આવેલી ખુરશીઓમાં દરેક ખેડુતને કિસાનલક્ષી યોજનાઓ ની માહિતી દર્શાવતી પુસ્તીકા અને પેમ્ફલેટની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ગાંધીનગર ખાતે એક સાથે વિવિધ જિલ્લાના હજજારો ખેડુતો આવ્યા હોવાના સમાચાર નાસ્તાના વેપારીઓને મળી જતા મોટીસંખ્યામાં આવી પહોચ્યા હતા. જયારે સવારથી ઘરેથી નીકળેલા ખેડુતો પણ નાસ્તાની જયાફત માણતા નજરે પડ્યા હતા.
- શહેરમાં આયોજીત સવારે ૧૦ કલાકથી શરુ થયેલા ખેડુત રેલી બપોરે ૧૨-૪૫ કલાકે શાંતિપુર્ણ રીતે સંપન્ન થઈ હતી.
- ગાંધીનગર ભાજપના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહીને વિવિધ કામગીરીમાં જોડાયા હતા.

# શહેરના ૧૫૦ થી ૧૬૦ કાર્યકરોને નગરસેવકના શમણા છે

## બાયોડેટા બનાવડાવવા કાર્યકરોના આંટા-ફેરા વધ્યા છે : સેક્ટરવાઈઝ બેઠકો અને સંપર્કો પણ આરંભાયા છે : હોર્ડીંગોની હારમાળા ગોઠવાતી જાય છે

### મહાનગરનો મહાસંગ્રામ - સંજય દ્રષ્ટિ

ગાંધીનગર, તા. ૧૮

મહાસંગ્રામની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. સેક્ટર અને વોર્ડ કક્ષાના કાર્યકરો બન્ને પક્ષે સક્રિય બની રહ્યા છે. ભાજપમાં પ્રદેશ કક્ષાના અગ્રણીઓની નિશ્રામાં સેક્ટરવાઈઝ કાર્યકરોની બેઠક થવા લાગી. ત્રણેક વોર્ડમાં પ્રદેશ ભાજપના વરિષ્ઠ અગ્રણી શ્રી આઈ. કે. જાડેજાએ કાર્યકરોની બેઠકમાં ઉપસ્થિત રહી ચૂંટણી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આગામી ચાર દિવસમાં બાકીના વોર્ડ અને સેક્ટરોમાં બેઠકો યોજાશે અને કાર્યકરોને કામે લાગી જવા માટે તત્પર કરાશે. બીજીતરફ કોંગ્રેસ પણ તૈયારીઓ તો કરે જ છે પરંતુ વ્યાપ અને વેગમાં હજુ થોડુક પાછળ હોય તેમ લાગે છે. કાર્યકરો સેક્ટરે સેક્ટરે કોંગ્રેસના શુભેચ્છકોને મળી રહ્યા છે. અને મજબુતાઈથી લડત આપવા આક્રમક ભાષામાં વાતો કરે છે. આગામી દિવસોમાં બન્ને સેનાઓ સામસામે ગોઠવાઈ જશે ત્યારે સંગ્રામમાં રંગ જામશે.

સત્તાધારી પક્ષ તરીકે ભાજપ છેલ્લા છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્વાકાંક્ષી કામોનું લોકાર્પણ કરી રહ્યું છે. આ સ્વાભાવિક પ્રક્રિયા અને પરંપરા છે. કોંગ્રેસ હોય કે ભાજપ છેલ્લી ઘડીના લેશનમાં પાવરધા છે. ભાજપે શહેરમાં ઠેર ઠેર હોર્ડીંગોની ભરમાર ઉભી કરી છે. સામાન્ય મતદાર પણ ચૂંટણી આવ્યાનો અણસાર પામી જાય છે. સાથોસાથ કોણ કેવા સોગઠા ખેલશે અને કોણ કેટલો ખર્ચ કરશે તેની બાજી પણ ખુલતી જાય છે. તન-મન અને ધનથી ચૂંટણી જીતીને નગરસેવક થવાના સપના શહેરમાં અંદાજે દોઢસોથી વધુ કાર્યકરોના મનમાં ઉગ્યા છે. બાયોટેડા તૈયાર કરાવવાના આંટાફેરા પણ વધ્યા છે. કેટલાંક તજજ્ઞો ઉમેદવારોને અસરકારક બાયોડેટા તૈયાર કરી આપવા વ્યવસાયિક ધોરણે કાર્યરત છે. જાતજાતના અને ભાતભાતના હોદ્દાઓ અને વિશેષતાઓ સાથે તૈયાર કરાયેલો બાયોડેટા ટિકિટ મેળવવાનું પ્રથમ પગથિયું બને છે એવી માન્યતા સાર્વત્રિક છે.

### ટિકિટ કોને મળશે - કેમ મળશે - કેવી રીતે મળશે એની ચર્ચાઓમાં દસ દિવસ સૌના આનંદમાં નિકળશે

હજુ ઉમેદવાર પસંદગીની પ્રક્રિયાનો સમય પાક્યો નથી. કદાચ-સાઠ-આઠ દિવસ પછી સમય પાકી જશે. પરંતુ અત્યારે તો બધાજ પોતાને ટિકિટ મળશે જ એવા દાવા કરે છે અને તે પણ કેમ મળશે તેના આધાર પુરાવા સાથે રજૂઆતને દમદાર બનાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ચૂંટણીની મતગણતરી ના થાય ત્યાં સુધી ૧૫૦થી ૧૬૦ કાર્યકરો ભરેલુ નાળિયેર લઈને ફરશે. હા... ટિકિટ મેળવવાની આશા દરેકને હોય... અને હોવી જ જોઈએ, પરંતુ કોને ટિકિટ આપવી તે રાજકીય પક્ષનો અબાધિત અધિકાર છે અને આજ અઘરી પ્રક્રિયા છે. કોને મળશે ? કેવી રીતે મળશે..? કેમ મળશે..? આ સમીકરણો ને કારણોની ચર્ચા કરવામાં દસ દિવસ સૌના આનંદમાં નીકળી જશે. (ક્રમશઃ)

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લાની આશા કાર્યકરોનું સંમેલન આજે ટાઉનહોલ ખાતે મળશે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની મતદારયાદીમાં શહેર ભાજપના સંગઠ્નના હોદ્દેદારોના નામ જ નહિ હોવાની ચોંકાવનારી વાતે ભાજપમાં હોબાળો સર્જાયો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગેના નોડલ ઓફિસરોની નિયુક્તી હાથ ધરી દેવાઈ છે.
- ગાંધીનગર જિલ્લાનું તંત્ર આજે ત્રીજો શનિવાર હોવાથી મિટીંગોમાં વ્યસ્ત રહેશે.
- ગાંધીનગરમાં આજે ઉચ્ચ પોલીસ અધિકારીઓની એક મહત્વની બેઠક બ્લોક નં. ૧માં મળી હતી.
- આજે બપોરે ફુંકાયેલા પવનથી જિલ્લામાં ધૂળિયો કોટ સર્જાયો હતો.
- ગાંધીનગરની વિવિધ કોલેજોમાં આજથી પ્રિલીમનરી પરીક્ષા શરૂ થઈ છે.
- પૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘ આજે ગાંધીનગર આવી રહ્યા હોવાથી તેમના પ્રવાસરૂટ પર પોલીસે રિહર્સલ કર્યું હતું.

## રવિવારે કલોલ બંધનું એલાન

### કોમી અથડામણ બાદ હિન્દુ હિત રક્ષા સમિતિએ આપ્યું બંધનું એલાન

ગાંધીનગર, તા. ૧૮

કલોલ કોલેજમાં યુવતીની મશ્કરી બાબતે થયેલી કોમી અથડામણ બાદ કલોલનો માહોલ તંગદીલીભર્યો થઈ જવા પામ્યો છે. દરમ્યાન કલોલ શહેર હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા રવિવારે ૨૦ માર્ચે કલોલ બંધ પાળવા એલાન કર્યુ છે. હિન્દુ હિત રક્ષા સમિતિએ અખબારી માહિતીમાં જણાવ્યું છે કે કલોલ બંધના એલાનને સમગ્ર હિન્દુ સમાજ તથા અલગ અલગ વેપારી એસોસીએશન તથા હિન્દુ સામાજીક સંસ્થાઓએ ટેકો જાહેર કર્યો છે.




વાર્ષિકોત્સવ : નગરની જાણીતી પ્રિ-પ્રાયમરી સ્કૂલ બડ્સનો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાયો હતો. રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી બાળકોએ સંપ - ત્યાં જંપ થીમ પર સુંદર મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. નાના ના બાળકોના અભિનયે વાલીઓ અને આમંત્રિતોને પ્રભાવીત કર્યા હતા.

## ટીંટોડામાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર જનતા રેડ

ગાંધીનગર નજીક ટીંટોડા ગામમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર આજે બપોરના અરસામાં ક્ષત્રિય ઠાકોર સેનાએ પોલીસને સાથે રાખીને દરોડા પાડયા હતા. મળતી વિગત મુજબ જનતા રેડમાં ૧૫૦૦ લીટર વોશ અને દેશી દારૂ ભરેલા કેરબા મળી આવતા તેનો નાશ કરી આ ધંધો બંધ કરવા તાકીદ કરવામાં આવી હતી. ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા આ સપ્તાહમાં અન્ય ગામોમાં પણ જનતા રેડ કરવા ચીમકી ઉચ્ચારાઈ છે.

# વાઈ-ફાઈ સીટીની વાત ચૂંટણીલક્ષી છે : કોંગ્રેસ

## જી.ઈ.બી. અને ગ્રામ્ય વિસ્તારોની બાદબાકી કરી વોટબેંકની રાજનીતિ કરવાનો આરોપ લગાવતી કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઝોન-૨ના પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે સોલાર સીટી જેવી જ કાલ્પનિક વાતો કરી પ્રજાને છેતરનાર ભાજપે વાઈ-ફાઈ સીટીની વાત આ વખતની સામાન્ય ચૂંટણી પૂર્વે છેડી છે.

તેમણે આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે શહેરમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોને નહિ પણ માત્ર અમુક સેકટરો અને વિસ્તારોને આવરી લઈ વોટબેંકની રાજનીતિ ભાજપ સરકાર કરી રહી છે.

શ્રી ચાવડાએ તેમના આ નિવેદનમાં જણાવ્યું છે કે જી.ઈ.બી. વિસ્તારને પણ વાઈ-ફાઈની સુવિધાથી વંચિત રાખવામાં આવનાર છે. જ્યાં ૫ હજારથી વધુ પરિવારો વસવાટ કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે સોલાર સીટીની વાત જેમ અભેરાઈએ ભાજપે ચડાવી દીધી છે તેવી જ રીતે શહેરમાં સમાવિષ્ટ વિસ્તારોને બાકાત રાખી આખી વાત અભેરાઈએ ચડાવી દેવામાં આવશે.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો છે કે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર અને શહેરની જ્યાં પ્રથમ ઈંટ મુકાઈ હતી તે વિસ્તારોની બાદબાકી જ ભાજપ કેવી વોટબેંકની રાજનીતિ કરે છે તે તેનો પુરાવો છે. સોલાર સીટીની વાત જે રીતે વિસારી દેવામાં આવી છે તેમ આ વાત પણ વિસારી દેવાશે. એટલુ જ નહિ વાઈ-ફાઈ માટે ચૂંટણી પૂરી થતાં જ ચાર્જ વસુલવાની યોજના પણ પાછલા બારણે તૈયાર કરવામાં આવી રહી છે.

## ૨૮મીએ સમગ્ર રાજ્યમાં આવેદનપત્રો અપાશે

### કાનજી ચૌહાણ

ગાયને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવાની માંગણી સાથે સૌરાષ્ટ્રના ગૌ ભક્તો તેમનું આંદોલન તેજ બનાવી રહ્યાં છે. ૨૮મી માર્ચે રાજયવ્યાપી આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ ગુજરાત ગૌ રક્ષા સમિતિએ બનાવ્યો છે. હવે આ લડાઈમાં વિએચપી પણ હિસ્સો લઈ રહ્યું છે. રાજકોટ જિલ્લાના ગૌભક્ત અગ્રણી અને સમિતિના અધ્યક્ષ કાનજી ચૌહાણે કહ્યું છે કે અમે કેન્દ્રની નરેન્દ્ર મોદી અને ગુજરાતની આનંદીબહેન પટેલની સરકારના કેબીનેટ મંત્રીઓને તેમના સત્તાવાર નિવાસસ્થાને ગાય પાળવાની ફરજ પાડીશુ. “અમે કહીશું કે જો સાચી ગૌ સેવામાં માનતા હોવ તો ઘરે એક ગાય પાળીને બતાવો.” અમારા આવેદનપત્રના વિવિધ મુદ્દામાં મંત્રીઓ ગાય પાળે તેનો પણ ઉલ્લેખ છે.

## અમે ગાયને વિશ્વમાતા ઘોષિત કરવા માંગ કરી છે

### વલ્લભ કથીરીયા

ગુજરાત ગૌ સેવા આયોગના ચેરમેન વલ્લભ કથિરીયાએ કહ્યું હતું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી અમે ગાયને રાષ્ટ્રીય નહીં પણ વિશ્વમાતાનું બિરૂદ આપવાની માંગણી કરી હતી. એટલું જ નહીં કેન્દ્રના ૧૮ ડિપાર્ટમેન્ટને ગૌરક્ષા અને તેની ઉપયોગીતા સમજાવતા મુદ્દાઓ લેખિતમાં આપી અમલીકરણ કરાવ્યું છે.

કથિરીયા કહે છે કે ગાયને ધાર્મિક નહી, સાઈન્ટીફિક ઉપયોગીતાના આધારે દરજ્જો મળવો જોઈએ. ગુજરાતે પણ ગૌ હત્યા રોકવાનો કાનૂન બનાવ્યો છે, આયોગ મારફતે અમે કેન્દ્ર અને રાજ્યોને સૂચન કરીએ છીએ.

# ધોરણ-૧૨માં અંગ્રેજીના પેપરમાં એક વિદ્યાર્થી કોપી કરતો ઝડપાયો

ગાંધીનગર તા ૧૮

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષામાં આજે અંગ્રેજી વિષયની પરિક્ષા લેવાઈ હતી. આ દરમિયાન અડાલજની માણેકબા વિદ્યામંદિર સ્કુલમાં એક વિદ્યાર્થી કોપી કરતા ઝડપાયો હતો. અગાઉ પણ સામાન્ય પ્રવાહની પરિક્ષામાં બે કોપી કેસ દાખલ કરાયા હતા.આજે ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કોમ્પ્યુટર વિષયની પરિક્ષા લેવાશે.

ધોરણ-૧૦અને ૧૨ ની બોર્ડ પરિક્ષામાં ગેરરીતીને અટકાવવા માટે પરિક્ષા ખંડમાં સી સી ટીવી કેમેરાની વોચ ગોઠવામાં આવી છે. જયારે પરિક્ષા દરમિયાન ચોરીના કીસ્સાઓને ડામવા બોર્ડની કસોટી દરમિયાન સ્કોવોર્ડની ટીમ પણ રાઉન્ડ લે છે. ગત દિવસોમાં ધોરણ ૧૦માં જિલ્લામાં ૬ જેટલા કોપી કેસ દાખલ કરવામાં આવ્યા છે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ બે જેટલા કોપી કેસ દાખલ કરાયા છે જયારે આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી વિષયની પરિક્ષા હતી તે દરમિયાન અડાલજ સ્થિત માણેકબા વિદ્યામંદિરમાં એક વિદ્યાર્થી કાપલી કરતો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જેથી આ વિદ્યાર્થીને અટકાવી તેની પાસેથી સાહીત્ય કબજે લઈને કોપી કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

### અડાલજ માણેક બા વિદ્યામંદિરમાં વિદ્યાર્થી સામે કોપી કેસ દાખલ કરાયો

## વિકાસ પીડિયા ગુજરાતીનો “કન્ટેન્ટ કન્ટ્રિબ્યુટર્સ ફેસ્ટિવલ”

ગાંધીનગર, તા. ૧૭

વિકાસ પીડિયા - ગુજરાતી ઓનલાઈન વેબપોર્ટલ દ્વારા તા. ૧૫મી માર્ચથી તા. ૧૫મી એપ્રિલ દરમ્યાન “કન્ટેન્ટ કન્ટ્રિબ્યુટર્સ ફેસ્ટિવલ ઓનલાઈન-૨૦૧૬”નું આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલમાં વિકાસ પીડિયા પર માહિતી યોગદાન કરી ઈનામો જીતવાની તક આપવામાં આવી રહી છે.




વિકાસપીડિયા-ગુજરાતી વેબ પોર્ટલ દ્વારા ખેતી, આરોગ્ય, શિક્ષણ, ઊર્જા, સમાજકલ્યાણ અને ઈ-ગર્વનન્સ વિષયે રોજગારલક્ષી માહિતી પુરી પાડવામાં આવે છે. આ વેબપોર્ટલ પર દરેક નાગરિક પોતાના જ્ઞાનને અપલોડ કરી તેને શે'ર કરી શકે છે. માહિતીના આ સ્વૈચ્છિક યોગદાનને વધુ આકર્ષવા કન્ટેન્ટ કન્ટ્રિબ્યુટર્સ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. આ ફેસ્ટીવલ દરમ્યાન વેબ પોર્ટલ પર કન્ટેન્ટનું યોગદાન આપનાર સ્પર્ધકોમાંથી વિજેતા સ્પર્ધકોને ઈનામ આપી સન્માનવામાં આવશે. પ્રથમ ઈનામમાં ૧૦૦ પાના અપલોડ કરનારા સ્પર્ધકોમાંથી વિજેતાને રૂ. ૫૦૦૦, ૭૫ પાના અપલોડ કરનાર સ્પર્ધકોમાંથી દ્વિતિય ઈનામ રૂ. ૩૫૦૦ અને ઓછામાં ઓછા ૫૦ પાના અપલોડ કરનાર સ્પર્ધકોમાંથી તૃતીય ઈનામ રૂ. ૨૦૦૦ આપવામાં આવશે. સ્પર્ધાના નિયમો વેબસાઈટ પર પ્રકાશિત કરાયા છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે દરેક કન્ટ્રિબ્યુટર્સે http:llgu.vikaspedia.in/InDG પર લોગઈન કરવાનું રહેશે. સ્પર્ધઆમાં એન્ટ્રી વિના મૂલ્યે આપવામાં આવનાર છે.

# ખેડૂતોને રિઝવવા ભાજપ સરકારના લોલીપોપ કિસાન સંમેલનો

## ગ્રામીણ કક્ષાએ જનાધાર ગુમાવનાર ભાજપ સરકાર દ્વારા પાટીદાર આંદોલન સામે ખેડૂતોની વોટબેંક તૈયાર કરવા રાજ્ય સરકારનો એક નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યમાં પંચાયત-પાલિકાઓની ચૂંટણીઓમાં જનાધાર ગુમાવનાર ભાજપ સરકારે તમામ ક્ષેત્રે પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા માટે કિસાન રેલી અને સંમેલનો યોજવાના શરૂ કરી ખેડૂતો તેમજ ગ્રામીણ પ્રજાને ગુમરાહ કરવાનો માર્ગ અપનાવ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં જનાધાર ગુમાવતા આર્થિક રીતે પાયમાલી તરફ ધકેલાયેલા ખેડૂતોનો ફરીથી વોટબેંક તરીકે ઉપયોગ કરવાનો સસ્તો માર્ગ અખત્યાર કર્યો છે. ગાંધીનગરમાં આજે યોજાયેલી કિસાન રેલીમાં શણગારેલા બળદ ગાડામાં આવેલા મુખ્યમંત્રીએ પોતે ખેડૂતોને કઈ દિશામાં લઈ જવા માંગે છે અને કેવી દશા મુકવા માંગે છે તેનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ભાજપ સરકારે પોતાની વહીવટી નિષ્ફળતાઓને ઢાંકવા માટે પાટીદાર આંદોલનને શામ-દામ-દંડથી કચડ્યા બાદ ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો નિરર્થક પ્રયાસ હાથ ધર્યો છે.

નર્મદા યોજના અંગે કેન્દ્રની યુપીએ સરકાર પ્રત્યે દોષારોપણ કરતા મુખ્યમંત્રી સામે આક્રોશ વ્યક્ત કરતા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષથી નર્મદા યોજનાના નામે સસ્તી પ્રસિદ્ધિ મેળવવાનો પ્રયાસ કરનાર ભાજપ સરકારે આજદિન સુધીમાં કેનાલના કામો પુરા કર્યા નથી. આ પરિસ્થિતિ જાણતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે અગાઉ ખેડૂતોને સિંચાઈનું પાણી નહીં મળે તેવો હુંકાર કર્યો હતો. પરંતુ પાટીદાર આંદોલન અને ગ્રામીણ કક્ષાએ ભાજપે જનાધાર ગુમાવતા આ ખેડૂત પુત્રીએ ઉગામેલુ દાંતરડુ બુઠ્ઠુ પુરવાર થયું છે. ભાજપ સરકારના આંતરિક રાજકારણથી બચવા માટે હવે ખેડૂતોનો હાથ પકડવાનો દેખાવ કરનાર મુખ્યમંત્રી દ્વારા ઓછા ટકાની કૃષિ ધિરાણ યોજના સહિત વિવિધ યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ જો ભાજપ સરકાર ખેડૂતોની સાચી હમદર્દ હોય તો અસરગ્રસ્ત ખેડૂતોના લોન-દેવા માફ કરીને તેમને આત્મહત્યા અટકાવવા જોઈએ.

વાસ્તવમાં તો છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન કેન્દ્રની કોંગ્રેસ સરકારે કુદરતી આપત્તિ વખતે ખેડૂતોને આપેલી સહાય પણ લાભાર્થીઓને નહીં પહોંચાડનાર આ ભાજપ સરકાર પાક વિમાનો લાભ મળ્યો નથી અને ખેડૂતોને વીજ જોડાણ પણ અપાયા નથી એ ભાજપ કડવી વાસ્તવિકતાને છુપાવી રહ્યો છે તે ખેડૂતો જાણે છે.